ભારતનો પાકિસ્તાન સામે શાનદાર વિજય

વિશ્વકપની પ્રથમ મેચમાં વિરાટની વિરાટ બેટિંગ : પાક પર ભારતની ૭૬ રને જીત : પાકિસ્તાનને ફરી કચડી દીધા બાદ દેશભરમાં ઉજવણીનો માહોલ : વર્લ્ડકપમાં પાકિસ્તાન સામે પ્રથમ સદી કરવાનો વિરાટ કોહલીએ નવો રેકોર્ડ કર્યો : જીત માટેના ૩૦૧ રનના લક્ષ્યાંકની સામે પાકિસ્તાન ૨૨૪માં ખખડ્યું

એડિલેડ,તા. ૧૫

એડિલેડ ઓવલ ખાતે આજે રમાયેલી વિશ્વકપ મહાસંગ્રામની ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ ખુબ જ રોમાંચક વાતાવરણમાં રમાઈ હતી. ભારતે ગ્રુપ બીની આ મેચમાં પાકિસ્તાન ઉપર ૭૬ રને જીત મેળવીને વર્લ્ડકપમાં શાનદાર શરૂઆત કરી દીધી હતી. વર્તમાન ચેમ્પિયન ભારતે પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત ૫૦ ઓવરમાં સાત વિકેટે ૩૦૦ રન કર્યા હતા. ભારત તરફથી વિરાટ કોહલીએ ૧૨૬ બોલમાં આઠ ચોગ્ગા સાથે ૧૦૭ રન કર્યા હતા જ્યારે શિખર ધવને ૭૬ અને સુરેશ રૈનાએ ૭૪ રન કર્યા હતા. સુરેશ રૈનાએ માત્ર ૫૬ બોલમાં પાંચ ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી આ રન બનાવ્યા હતા જ્યારે શિખર ધવને ૭૬ બોલમાં સાત ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી આ રન કર્યા હતા. જો કે, છેલ્લી ઓવરોમાં ભારતનો ફ્લોપ શો રહ્યો હતો જેથી ભારતે

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. 333 | ૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૫, સોમવાર ; મહા વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

દુનિયાદારીના ચોકઠામાં સરસ રીતે ગોઠવાઇ જાય એવા માણસને 'વ્યવહારુ' કહેવામાં આવે છે
- જનકલ્યાણ

જિલ્લામાં સ્વાઈન ફ્લુનો આતંક

વધુ ૧૪ નવા કેસ : ૧નું મોત : શહેરમાં વધુ પાંચ કેસ નોંધાયા : સનદી અધિકારી પણ સ્વાઈન ફ્લુની ઝપટમાં : મહિલા દર્દીઓ વધુ મળી રહ્યા છે : સિવિલમાં આઈસોલેશન વોર્ડ ફુલ થતાં નવો વોર્ડ શરૂ કરાયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુએ આતંકનું રૂપ ધારણ કર્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં જિલ્લામાં કુલ ૧૪ નવા કેસ નોંધાતા સ્વાઈન ફ્લુ પોઝીટીવના દર્દીઓની સંખ્યા ૪૮ પર પહોંચી છે. સ્વાઈન ફ્લુના વધતા જતાં કેસોને ધ્યાને રાખી આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નવો વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે.

આજે નોંધાયેલા ૧૪ કેસમાં ગાંધીનગરના પાંચ કેસ તેમજ ગ્રામ્ય વિસ્તારના નવ કેસનો સમાવેશ થાય છે. આજે રાજ્ય સરકારના ઉચ્ચ સનદી અધિકારી શ્રી સીવ. વી. સોપને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતા તંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ ઉપરાંત એક સનદી અધિકારીનો પુત્ર પણ સ્વાઈન ફ્લુની ઝપટમાં ઝડપાયો છે.

શ્રી સોમને પ્રથમ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા પરંતુ આ પછી તેમની વિનંતીને ધ્યાનમાં લઈ તંત્રએ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે જવાની મંજુરી આપી હતી.

ગાંધીનગર શહેરના સે.૨બીમાંથી ૬૦ વર્ષીય મહિલાને સે.૩માંથી ૪૧ વર્ષીય પુરુષને તેમજ ૪૮ વર્ષીય પુરુષ સે.૧૯ને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતા સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

ગ્રામ્ય વિસ્તાર વાસણિયા મહાદેવથી ૫૭ વર્ષીય પુરુષ, મોટી શિહોલીમાંથી ૨૪ વર્ષીય મહિલા, ૪૨ વર્ષીય મહિલા અડાલજની તેમજ ૬૩ વર્ષીય બોરીજના એક કાકાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે.

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં સ્વાઈન ફ્લુને કારણે કલોલ તાલુકાના રામનગર ખાતે એક દર્દીનું મૃત્યુ થયું છે. જે છેલ્લા છેલ્લા સપ્તાહમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ સારવાર દરમિયાન આ દર્દીનું મોત રાત્રે થયું હતું. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફ્લુથી મૃત્યુ પામનારાઓની સંખ્યા ૭ પર પહોંચી છે.

જિલ્લા આજે વધુ ત્રણ દર્દીઓ સંપૂર્ણ સાજા થતાં તેમને હોસ્પિટલમાંથી રજા પણ આપવામાં આવી છે.

જિલ્લામાં હાલ ૨૨ દર્દીઓ સારવાર હેઠળ છે. જ્યારે સંપૂર્ણ સાજા થઈ ગયેલા ૧૭ દર્દીઓને રજા આપવામાં આવી છે. બધાની તબિયતક સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

દરમિયાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફ્લુનો આઈસોલેશન વોર્ડ જે ૨૦ પથારીની સુવિધા ધરાવતો હતો તે ફુલ થઈ જતાં

● અનુસંધાન પાન-૭ પર

સિવિલ હોસ્પિટલમાં ઓર્થો.વોર્ડ ખસેડાયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સત્તાવાળાઓને ૪થા માળનો પણ નવા સંકુલમાં કબ્જો મળી જતાં ત્યાં ઓર્થોપેડિક વોર્ડનું સ્થળાંતર કરી દેવામાં આવ્યું છે.

ઓર્થો.વોર્ડમાં હાલની પથારીની જે ક્ષમતા હતી તે વધારીને ૬૦ની કરવામાં આવી છે. તેમજ આ માટેનું ઓ.ટી. પણ કાર્યરત કરી દેવાનો નિર્ણય હોસ્પિટલ સત્તાવાળાઓએ લીધો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા સંકુલમાં હવે ૪ મજલાનો કબ્જો હોસ્પિટલના સત્તાવાળાઓને મળતાં ૩૦૦ જેટલી પથારીની સુવિધા નવા સંકુલમાં ઉભી થવા પામી છે. આ ઉપરાંત ત્રણ ઓપરેશન થિયેટરોની સુવિધા પણ ઉપલબ્ધ થવા પામી છે.

સિવિલ હોસ્પિટલના તમામ મજલાઓનો કબ્જો માર્ચના અંત સુધીમાં સોંપી દેવાની કડક તાકિદ પી.આઈ.યુ.ને કરી દેવામાં આવી છે. આ પછી સિવિલ હોસ્પિટલમાં ૬૦૦ જેટલી પથારીની સુવિધા ઉપલબ્ધ થશે.

હોસ્પિટલના આધુનિકરણની સાથે સાથે આરોગ્ય સેવાઓનું પણ હોસ્પિટલમાં સઘનીકરણ થશે તેમ સૂત્રોએ જણાવ્યું છે.

વિજયના વધામણા - વિશ્વકપના આરંભિક તબક્કામાં જ ભારતે પાકિસ્તાન સામે ૭૬ રને શાનદાર વિજય મેળવતાં ક્રિકેટ પ્રેમીઓમાં ભારે ઉલ્લાસ પ્રગટ્યો હતો. ગાંધીનગર-અમદાવાદમાં ઠેર ઠેર ફટાકડા ફોડી વિજયના વધામણા થયા હતા.

ગુજરાતને ઊર્જા ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રોત્સાહન એવૉર્ડ અપાયો

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતમાં ૧ એપ્રિલ ૨૦૧૦થી ૩૧ માર્ચ ૨૦૧૪ દરમિયાન પુનપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રને પ્રોત્સાહન આપવામાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ ગુજરાત સરકારને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ગુજરાતના ઉર્જા -ધાન શ્રી સૌરભભાઈ પટેલે રી-ઈન્વેસ્ટ ફર્સ્ટ રીન્યુએબલ એનર્જી ગ્લોબલ ઈન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે આ એવોર્ડ મેળવ્યો હતો. આ કાર્યક્રમનું ઉદઘાટન વડાપ્રધાન શ્રીએ કર્યુ હતું.

પ્રશસ્તિ-નોંધ મુજબ ગુજરાતે પુનપ્રાપ્ય ઉર્જા ક્ષમતામાં ૨,૫૫૩ મેગાવોટનો ઉમેરો કર્યો છે. નવીન અને પુનપ્રાપ્ય ઉર્જા મંત્રાલયે દેશમાં ઉર્જા સલામતી, ઉર્જા હિસ્સો, ઉર્જા પ્રાપ્યતા અને સાતત્યપૂર્ણતાને પ્રોત્સાહન આપવામાં ગુજરાતના પ્રયાસોને માન્યતા આપી છે.

ગુજરાત સરકાર પુન

પ્રાપ્ય ઉર્જા ઉત્પાદનમાં વધારો કરવા માટે સક્રિય પગલાં ભરી રહી છે. ગુજરાતમાં કુલ પુનપ્રાપ્ય ઉર્જાની ક્ષમતા ૨૦૧૪ના અંત સુધીમાં વધીને ૪,૪૩૬ મેગાવોટ થઈ છે. જે રાજયના કુલ ઉર્જા ઉત્પાદનમાં ૧૮.૭૭ ટકાનો હિસ્સો ધરાવે છે.

એવોર્ડ પ્રાઝ કર્યા બાદ શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે ઉર્જા ક્ષેત્રમાં લાંબા સમયની સાતત્યતા માટે પુનપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રને પ્રોત્સાહન અને દેશના સમગ્ર ઉર્જા ક્ષેત્રમાં તેનો હિસ્સો વધારવો આવશ્યક છે. આમ, ભારત સરકારની ૨૦૨૦ સુધીમાં ૧,૦૦,૦૦૦ મેગાવોટ સૌર ઉર્જા અને ૫૦,૦૦૦ મેગાવોટ પવન ઉર્જા ક્ષમતા ઉમેરવાનો લક્ષ્યાંક યોગ્ય દિશામાં છે.

જિલ્લાના ૧૨૪ ગામોના ફર્ટીલીટી મેપ તૈયાર

પાંચ ખેડૂતો ૧૯મીએ સોઈલ હેલ્થ કાર્ડની યોજનાને લઈ પ્રધાનમંત્રી સાથે વાત કરશે : ઉધઈ અને ઉંદરોના ત્રાસથી ખેડૂતો ત્રસ્ત છે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લાના પાંચ ખેડૂત આગેવાનો આગામી ૧૯મીના રોજ પ્રધાનમંત્રીશ્રી મોદી સાથે સોઈલ હેલ્થ કાર્ડ પર સીધી ચર્ચા કરશે.

૧૯મી ફેબ્રુઆરીએ રાજસ્થાનથી આ સોઈલ હેલ્થ કાર્ડનો પ્રોજેક્ટ રાષ્ટ્રવ્યાપી થવાનો છે. અને પ્રધાનમંત્રીશ્રી મોદી તેનો શુભારંભ કરાવવાના છે. રાજ્યના ૪ જિલ્લાના ખેડૂતો પ્રધાનમંત્રીશ્રી સાથે આ મુદ્દે ચર્ચાઓ કરનાર છે. જો કે આ આખાય સમારોહનું બાયસેગ દ્વારા સીધું પ્રસારણ થવાનું છે.

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૧-૧૨થી સોઈલ હેલ્થ કાર્ડ પ્રોજેક્ટ અમલી બન્યો છે. અત્યાર સુધીમાં આ પ્રોજેક્ટ અંતર્ગત ૫૦ ટકા જેટલી કામગીરી સંપન્ન થઈ ચુકી છે. આ સોઈલ હેલ્થ કાર્ડ ખેડૂતને તેની જમીનની તંદુરસ્તી વિશેની વિગતો દર્શાવે છે.

જિલ્લામાં ૧૪-૧૫ના વર્ષમાં ૬૭ ગામોના ૩૪,૩૯૧ ખેડૂતોની જમીનોના નમૂના મેળવી લેવાયા છે અને તેનું પરિક્ષણ હાલ ચાલુ છે. આ નમૂનાઓનું સોઈલ હેલ્થ કાર્ડ આગામી બેથી ત્રણ મહિનામાં જેટલી હોવાનું જાણવા મળેલ છે.

રાજ્ય સરકારે સોઈલ હેલ્થ કાર્ડની સાથે ગામોના ફર્ટીલીટી મેપ માઈક્રો ન્યુટ્રીયન્ટ તૈયાર કરવાની યોજના પણ અમલી બનાવી છે. જિલ્લાના ૩૦૦ ગામોમાંથી ૬૦૦૦ જેટલા માટીના નમૂના મેળવી લેવાયા આવી જતાં તેનું વિતરણ કરવામાં આવશે.

૨૦૧૫-૧૬માં પણ જિલ્લાના ૨૬ હજારથી વધુ ખેડૂતોના જમીનના નમૂના મેળવી અને પરિક્ષણ માટે મોકલી આપવાનું આયોજન છે.

જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદારોની સંખ્યા ૧,૧૬,૦૩૪

● અનુસંધાન પાન-૭ પર

Sleek
THE KITCHEN SPECIALIST

Sleek's innovative storage ideas created more space in my kitchen

Rajdhani Hardware
G-10, Meghmalhar, Sector-11, Gandhinagar-382 011.
Ph: 079-23229033, M-9825033740